# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૪૭ | ૧૭ નવેમ્બર, ૨૦૧૨, શનિવાર; કારતક સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# આજથી રાજ્યમાં ચૂંટણી પ્રક્રિયા આરંભાશે

## વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાની ૮૭ બેઠકો માટેનું વિધિવત જાહેરનામુ આજે પ્રગટ થશે : ઉમેદવારીપત્રો આજથી ભરી શકાશે

ગાંધીનગર, તા. ૧૬

૧૩મી ગુજરાત વિધાનસભા માટેની સામાન્ય ચૂંટણીઓના પ્રથમ તબક્કાની ચૂંટણીનું આજે જાહેરનામુ વિધિવત્ પ્રગટ થતાં રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ થશે.

લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૫(૨) મુજબ રાજ્યપાલ વતી રાજ્યના મુખ્ય સચિવશ્રીની સહિથી આ જાહેરનામુ પ્રસિદ્ધ થશે અને આ જાહેરનામાની સાથે ચૂંટણીપંચ દ્વારા પણ આજ અધિનિયમની કલમ ૩૦ અને ૫૬-અન્વયે વિધિવત્ ચૂંટણી કાર્યક્રમની ઘોષણા કરાશે. આ સાથે નિયુક્ત ચૂંટણી અધિકારીશ્રી દ્વારા પણ ચૂંટણી અંગેની નોટીસ જાહેર કરાશે.

રાજ્ય વિધાનસભાની ૮૭ બેઠકો માટેના જંગ અંગેનું આ જાહેરનામુ આજે સવારે પ્રસિદ્ધ કરાશે.

આ જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ ઉમેદવારી પત્ર ભરાવાની પ્રક્રિયાનો પણ પ્રારંભ થશે. સૌરાષ્ટ્ર અને દ. ગુજરાતની ૮૭ જેટલી બેઠકોને આવરી લેવામાં આવશે. જ્યારે બીજા તબક્કાની ચૂંટણી માટેનું જાહેરનામુ ૨૩મીએ જાહેર થશે.

આજે આ સામાન્ય ચૂંટણી માટેની તૈયારીઓ સંપન્ન થઈ ગઈ છે અને હવે તંત્ર દ્વારા પણ આ અંગે જરૂરી કાર્યવાહી સંપન્ન કરી દેવામાં આવી છે.

દરમ્યાન ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગી અંગેની પ્રક્રિયા બધાજ પક્ષોમાં અંતિમ તબક્કામાં પ્રવેશી ચુકી છે. સમાજવાદી પાર્ટીએ તો ૫૦ ઉમેદવારોના નામની ઘોષણા કરી દીધી છે તો જનતા પાર્ટીએ ૬૦ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખશે તેવી જાહેરાત કરી છે.

ભાજપ-કોંગ્રેસ અને ગુજરાત પરિવર્તન પાર્ટી દ્વારા આગામી બે-ત્રણ દિવસમાં ઉમેદવારોની ઘોષણા કરાશે તેમ આ પક્ષોના અંતરંગ વર્તુળોમાંથી જાણવા મળેલ છે.

ભાજપના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી

● અનુસંધાન પાન-૨ પર

## રાજ્યમાં ચૂંટણી પંચ દ્વારા ૨૦ ડેપ્યુટી કલેકટર અને ચાર મામલતદારની બદલી

ગાંધીનગર, તા.૧૬

કેન્દ્રીય ચૂંટણી પંચના નિર્દેશોને પગલે રાજ્યના મહેસુલ વિભાગે આજે ૨૦ ડેપ્યુટી કલેકટર તથા ચાર મામલતદાર સંવર્ગના અધિકારીઓની બદલીના આદેશો જારી કર્યા છે.

આજે બદલીના કરાયેલા આદેશોમાં ડીસાના પ્રાંત અધિકારી શ્રી સંગાડાને સુરત મુકવામાં આવ્યા છે જયારે અમદાવાદના પુરવઠા અધિકારી શ્રી બી.કે. પટેલને ડીસાના પ્રાંત અધિકારી તરીકે નિમણુંક આપવામાં આવી છે. આ ઉપરાંત બનાસકાંઠાના પુરવઠા અધિકારી શ્રી ચૌધરીની બદલી જમીન સંપાદન અને પુર્નવસવાટ રાજકોટ તરીકે કરવામાં આવી છે.

સુરતના મનોરંજન કરના નાયબ કમિશનર શ્રી વસાવાને ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ (ગુડા)માં મુકવામાં આવ્યા છે જયારે

● અનુસંધાન પાન-૨ પર


**બંગલો તાત્કાલિક વેચવાનો છે**

ટાઈટલ ક્લીયર ૧૯૦ વાર પ્લોટ (ગેટ કોર્નર) સરગાસણ ચોકડી પાસે, શ્રીરંગ પાર્ક સોસાયટી, બે માળ 3 BHK

Mo. : 9974917514



**ગાંધીનગરમાં પહેલીવાર... લેડીઝવેર ● છેલ્લા બે દિવસ**

**Only Rs. 50, 80, 100, 120, 150, 180, 200**

- વેસ્ટર્ન આઉટ ફીટ્સ
- વેસ્ટર્ન ટોપ્સ XL, XXL
- જયપુરી ઝભ્ભા XXL
- જેગીન્સ XL, XXL
- બોલ બચ્ચન ધોતી
- શોર્ટ ધોતી XL, XXL
- ડીમ હેરમ XL શોર્ટી
- લેગીન્સ (૨૦૦ કલર મેચીંગ)
- હેરમ (પ્રિન્ટેડ + પ્લેન) XL, XXL
- ટ્રેડીશનલ કુર્તી XL, XXL, XXXL
- છોકરા-છોકરીનો કાર્ટુન ટી શર્ટ XL, XXL
- બોલ બચ્ચન ઝભ્ભા XL, XXL, XXXL
- કોટન પ્રિન્ટેડ પ્લેન ધોતી XL, XXL
- ઈનર્સ XL, XXL
- પ્રિન્ટેડ પતિયાલા, ડેનિયમ, જેગીન્સ XL, XXL, XXXL
- શ્રુગ્સ (કોટી) XL, XXL, XXXL
- બોમ્બેના બ્રાન્ડેડ ચીલ્ડ્રન કાર્ટુન ટી શર્ટ LX
- લેડીઝ કેપ્રી ● શોટી-કેપ્રી
- ડેનીમ જેગીન્સ XXL, XXXL

**અને ઘણું બધું**

આ ઓફર ત્રીજી ગલીમાં પહેલો સ્ટોર કારપેટની બાજુમાં

જોઈએ છે - સેલ્સ ગર્લ્સ (હાજરી ૨૦૦ રૂપિયા)

મો. : ૯૨૨૭૨૧૩૮૬૫

**Deep Utsav** ઘ-૫ સર્કલ
ઓપન એર થિયેટર, સેક્ટર-૧૬, ગાંધીનગર









**Wish you a Happy Diwali & Prosperous New Year**



**Ready Possession**



# MAHAVIR ENCLAVE

Lusurions Bunglows, Nr. Petrolium University, RAISAN (Gandhinagar),
Contect : 9924127382, 9924123383
E-mail :- dmehul@rocketmail.com